# ડૉ. બાબાસાહેબ આબેડકર ઓપન યુનિવર્સીટી
## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016

| | | | |
|---|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 | |
| પાઠ્યક્રમ | : નવલકથાનું સ્વરૂપ (MGT-1) | નોંધણી નંબર : | ______________ |
| તારીખ | : 16/01/2016 | સમય | : 11.00 to 2.00 |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે | Numerical Code : 0215 | |
| | | કુલ ગુણ : 70 | |

---

પ્ર.1 નવલકથા એટલે શું? તે સ્પષ્ટ કરી તેના મહત્વના ઘટકો અંગેનો પરિચય કરવો. (12)

**OR**

ઐતિહાસિક નવલકથાનું સ્વરૂપ સ્પષ્ટ કરી આધુનિક નવલકથા કરતાં તે કઈ રીતે જુદી પડે છે,તે ચર્ચો.

પ્ર.2 'સરસ્વતીચંદ્ર ભાગ-1' નું કથાવસ્તુ સ્પષ્ટ કરો. (12)

**OR**

'સરસ્વતીચંદ્ર' 'પ્રેમ નિમિત્તે સંસ્કૃતિ કથા છે' – આ વિધાનની ચર્ચા કરો.

પ્ર.3 'માનવીની ભવાઈ' નવલકથામાં આવતા દુષ્કાળના ચિત્રોને ઉદાહરણ સહિત આલેખો. (12)

**OR**

'માનવીની ભવાઈ' નવલકથાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.

પ્ર.4 'પાટણની પ્રભુતા' માં પ્રગટ થતી ગુજરાતની અસ્મિતા તમારા શબ્દોમાં વર્ણવો. (12)

**OR**

'પાટણની પ્રભુતા' માં ભાષાશૈલીની સઘનતા તમારા શબ્દોમાં સ્પષ્ટ કરો.

પ્ર.5 **ટૂંકનોધ લખો. (ગમે તે બે)** (12)

1. 'સરસ્વતીચંદ્ર ભાગ-1' માં કુમુદનું પાત્રચિત્રણ
2. સામાજિક નવલકથા વિશે નોંધ લખો.
3. 'માનવીની ભવાઈ' નો અંત
4. 'પાટણની પ્રભુતા' નો ઐતિહાસિક પરિવેશ

પ્ર.6 **નીચેની ખાલી જગ્યાઓ પૂરો.** (10)

1. 'પાટણની પ્રભુતા' નવલકથાના લેખક _______છે.
2. 'માનવીની ભવાઈ' ની નાયિકા _________ છે.
3. 'હૃદયનો પુનર્જન્મ' પ્રકરણ __________ નવલકથામાં છે.
4. મધ્યકાળમાં ગુર્જર સામ્રાજ્યનો પાયો નાંખનાર ___________ રાજા હતો.
5. 'માનવીની ભવાઈ' ને ___________ રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો હતો.
6. 'સરસ્વતીચંદ્ર' નવલકથા __________ ભાગમાં વહેંચાયેલી છે.
7. 'માનવીની ભવાઈ' માં ___________ સમાજની વાત કહેવાય છે.
8. 'સરસ્વતીચંદ્ર ભાગ-1' માં બુદ્ધિધનની દીકરીનું નામ _________ છે.
9. ___________ નવલકથામાં લોકજીવનનો ધબકાર સંભળાય છે.
10. નંદશંકર મહેતાની 'કરણઘેલો' નવલકથા __________ સાલમાં પ્રગટ થઈ.

# ડૉ. બાબાસાહેબ આબેડકર ઓપન યુનિવર્સીટી
## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016

| | | | |
|---|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 | |
| | | નોંધણી નંબર : ____________ | |
| પાઠ્યક્રમ | : ગુજરાતી પ્રતિનિધિ કવિતાઓ (MGT-2) | Numerical Code : 0216 | |
| તારીખ | : 17/01/2016 | સમય | : 11.00 to 2.00 |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે. | કુલ ગુણ : 70 | |

---

પ્ર.1 ‘સુદામાચરિત્ર ‘ ને આધારે આખ્યાનકાર પ્રેમાનંદની વિશેષતાઓ અને મર્યાદાઓ દર્શાવો. (12)

**OR**

‘સુદામાચરિત્ર’ માં પ્રેમાનંદની ભાષાશૈલી વિશે સદ્રષ્ટાંત નોંધ લખો.

પ્ર.2 ‘અખો તત્વદર્શી કવિ છે – જ્ઞાની છે’.- ‘અખેગીતા’ ને આધારે આ વિધાનની યથાર્થતા દર્શાવો. (12)

**OR**

‘અખોગીતા’માં અખાએ વર્ણવેલું માયાનું સ્વરૂપ વિગતે સમજાવો.

પ્ર.3 કવિ કાન્તના જીવન અને સાહિત્ય સર્જનનો પરિચય આપો. (12)

**OR**

‘પૂર્વાલાપ’ સંગ્રહની સમગ્રલક્ષી સમીક્ષા કરો.

પ્ર.4 ‘આયુષ્યના અવશેષે’ સૉનેટમાળાનો આસ્વાદ કરાવો. (12)

**OR**

‘સપ્તપદી’ ના કાવ્યોની સમીક્ષા કરો.

પ્ર.5 ટૂંકનોધ લખો. (કોઇપણ બે) (12)

1. ‘સુદામાચરિત્ર’ માં રસનિરૂપણ
2. ‘અખેગીતા’ શીર્ષકની યથાર્થતા
3. ‘ચક્રવાકમિથુન’ કાવ્યનું રસદર્શન
4. ‘નિરુદ્દેશે’ કાવ્યનો આસ્વાદ
5. ‘સપ્તપદી’ ના કાવ્યોમાં પ્રકૃતિનિરૂપણ

પ્ર.6 **સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.** (10)

1. ‘સુદામાચરિત્ર’ માં સુદામા કયું વ્રત પાળે છે?
   A. જાચકવ્રત B. અજાચકવ્રત C. ગૌરીવ્રત D. શિવ-પાર્વતી
2. ‘અખેગીતા’ કેટલા કડવામાં વહેંચાયેલી કૃતિ છે?
   A. 14 B. 20 C. 40 D. 100
3. મણિશંકર રત્નજી ભટ્ટ કયા કવિનું મૂળનામ છે?
   A. કલાપી B. સુંદરમ્ C. સ્નેહરશ્મિ D. કાન્ત
4. ‘તને જોઈ જોઈ તોય તું અજાણી’ ગીતના કવિ કોણ છે?
   A. કાન્ત B. બાલમુકુન્દ દવે C. રાજેન્દ્ર શાહ D. કલાપી
5. ‘સપ્તપદી’ નું પ્રથમ કાવ્ય કયું છે?
   A. ‘છિન્નભિન્ન છું’. B. ‘શોધ’ C. ‘પંખીલોક’ D. ‘ઉપહાર’

6. કૃષ્ણ-સુદામા બાળપણમાં કયા ઋષિના આશ્રમમાં સાથે અભ્યાસ કરતા હતા?

A. સાંદિપની B. ગુરુદ્રોણ C. વશિષ્ઠ D. રવીન્દ્રનાથ

7. 'અખેગીતા' માં 'અખે' શબ્દનો શો અર્થ છે?

A. ક્ષય B. અક્ષય C. ભગત D. દાનવ

8. 'ઉપહાર' કાવ્યમાં 'ફર્યો તારી સાથે પ્રિયતમ સખે, સૌમ્ય વયના' સંબોધન કોને ઉદ્દેશીને છે?

A. બળવંતરાય ઠાકોર B. ગોવર્ધનરામ ત્રિપાઠી C. નરસિંહરાવ D. કાન્ત

9. કવિ રાજેન્દ્ર શાહને સાહિત્યનો કયો સર્વોચ્ચ પુરસ્કાર મળેલો છે?

A. ભારતરત્ન B. જ્ઞાનપીઠ પુરસ્કાર C. સાહિત્ય ગૌરવ D. રણજી ટ્રોફી

10. 'પંખીલોક' કાવ્યના કવિ કોણ છે?

A. કાન્ત B. કલાપી C. ઉમાશંકર જોશી D. નરસિંહ મહેતા

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી
## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016

| | | | |
|---|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 | |
| | | નોંધણી નંબર :________________ | |
| પાઠ્યક્રમ | : ગુજરાતી ભાષાનું ધ્વનિતંત્ર-રૂપતંત્ર (MGT-3) | Numerical Code : 0217 | |
| તારીખ | : 18/01/2016 | સમય | : 11.00 to 2.00 |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે. | કુલ ગુણ : 70 | |

---

**પ્ર.1** ગુજરાતી ભાષાનો ઉદભવ અને વિકાસરેખા આલેખો. **(12)**

**OR**

'ભાષા એટલે શું?' તે જણાવી ભાષાનાં લક્ષણો અને ભાષાના બંધારણની ઉદાહરણ સહીત ચર્ચા કરો.

**પ્ર.2** રવાનુકારી અને દ્વિરુકત ભાષા પ્રયોગો. **(12)**

**OR**

વાક્ય એટલે શું? તે જણાવી વાક્યના વિવિધ પ્રકારો વિશે વિગતે જણાવો.

**પ્ર.3** સંધિ એટલે શું? તે જણાવી સંધિના કેટલાક નિયમો વિષે લખો. **(12)**

**OR**

ક્રિયા વિશેષણનાં પ્રકારો વિશે વિગતે ચર્ચા કરો.

**પ્ર.4** સ્વર એટલે શું? તે જણાવી અગ્રસ્વરો, પૃષ્ઠ સ્વરો, મધ્યસ્વરો અને મર્મસ્વરો વિશે લખો. **(12)**

**OR**

સર્વનામ એટલે શું? તે જણાવી સર્વનામની રૂપરચના અને પ્રકારો વિશે લખો.

**પ્ર.5** **ટૂંકનોધ લખો. (ગમે તે બે)** **(12)**

1. વાક્યરચનામાં કારકક્રમ
2. ગુજરાતી ભાષાનાં ધ્વનિઓ
3. અંગસાધક અને અંગવિસ્તારક રૂપો.
4. નામયોગી અવ્યય
5. સહાયકારી ધાતુઓ

**પ્ર.6** **બહુવૈકલ્પિક પ્રશ્નો લખો.** **(10)**

1. રવાનુકારી શબ્દો ઓળખાવો.
   A. રાતોરાત B. ગામોગામ C. થરથર D. કટોકટી
2. વિરુદ્ધાર્થી દ્વિરુકિત પ્રયોગ ઓળખાવો.
   A. જમીન બમીન B. પૈસો ટકો C. સામ- સામે D. ઊંચું- નીચું
3. નજાકત દર્શાવવાનાં અર્થમાં લિંગ વ્યવસ્થાનું કયું ઉદાહરણ છે?
   A. દાઢું-દાઢી B. ભમરો-ભમરી C. ઓરડો-ઓરડી D. પગલું- પગલી
4. દંપતી શબ્દમાં કયો સમાસ પ્રયોજાયેલો છે?
   A. તત્પુરુષ સમાસ B. દ્વન્દ્વ સમાસ C. બહુવ્રીહી સમાસ D. ઉપપદ સમાસ
5. ક્રિયાપદનાં કેન્દ્રના ઘટકને શું કહેવામાં આવે છે?
   A. ક્રિયાવિશેષણ B. આખ્યાત C. નામિક D. સંજ્ઞા

6. ભાષા એ કેવી વ્યવસ્થા છે?

A. પ્રતિકાત્મક B. સંજ્ઞાત્મક C. સાંકેતિક D. નિર્દેશાત્મક

7. અક્ષરમાં સૌથી શ્રાવ્ય શું હોય છે?

A. સ્વર B. વ્યંજન C. અનુનાશિક D. સ્પર્શ ધ્વનિઓ

8. ગુજરાતીમાં નામની ડાબી તરફ આવતા ઘટકોને શું કહેવામાં આવે છે?

A. પ્રત્યય B. સંજ્ઞા C. અવ્યય D. વર્ધકો

9. નીચેનામાંથી કયા બે ધ્વનિઓ અર્ધસ્વરો છે?

A. લ, ર B. ડ, ણ C. ય, વ D. શ, ષ

10. 'ઝાડ પડ્યું' એ કઈ ક્રિયા કહી શકાય?

A. પ્રેરક ક્રિયા B. અકર્મક ક્રિયા C. સકર્મક ક્રિયા D. પ્રક્રિયા

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી
## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016

| | | | |
|---|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 | |
| | | નોંધણી નંબર :________________ | |
| પાઠ્યક્રમ | : નિબંધ (MGT-4) | Numerical Code : 0218 | |
| તારીખ | : 19/01/2016 | સમય | : 11.00 to 2.00 |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે | કુલ ગુણ : 70 | |

---

પ્ર.1 લેખનમાં અસરકારકતા લાવવા માટે ભાષાકીય સજ્જતા રાખવી જોઈએ – વિધાન સમજાવો. (12)

**OR**

શબ્દ વિષયક સજ્જતા કેળવવા શું કરવું જોઈએ? – સમજાવો.

પ્ર.2 વાક્ય- વિષયક સજ્જતા સમજાવી, પદક્રમના મહત્વ વિશે ટૂંકમાં ચર્ચો. (12)

**OR**

ગદ્ય એટલે શું? ગદ્યના પ્રકારો વિશે ચર્ચા કરો.

પ્ર.3 ભાષામાં રહેલી સંક્ષેપીકરણની કલા વિશે સમજાવી, સારલેખન વિશે ચર્ચા કરો. (12)

**OR**

પરિચ્છેદનું આકલન વિષયક – તમારો અભ્યાસ વિગતે વર્ણવો.

પ્ર.4 ‘માનવી અને કુદરત’ – વિષય પર નિબંધ લેખન કરો. (12)

**OR**

‘વિજ્ઞાનથી વિકાસ કે વિનાશ’ – વિષય પર નિબંધ લખો.

પ્ર.5 **ગમે તે બે મુદ્દા પર નોંધ લખો.** (12)

1. તમે જોયેલો અકસ્માત – વિષયક અહેવાલ
2. સોમનાથ યાત્રા – પ્રવાસ વિષયક અહેવાલ
3. “ત્રણ વાના મુજને મળ્યા : હૈયું, મસ્તક ને હાથ” – પંક્તિનો વિચાર વિસ્તાર કરો.
4. ‘સત્ય એ જ પરમેશ્વર’ – પંક્તિનો વિચાર વિસ્તાર કરો.
5. નિબંધ લેખનના વિવિધ પ્રકારો વિશે ટૂંકમાં સમીક્ષા કરો.

પ્ર.6 **બહુવિકલ્પવાળા પ્રશ્નોના માત્ર જવાબ લખો.** (10)

1. એણે ........ બરાબર લઈને ગોળી છોડી.
   A. નિશાન B. ધ્યેય C. લક્ષ D. સમાધી
2. વિરુદ્ધાર્થી શબ્દનો અર્થ પ્રગટ કરવા માટે કયો પ્રત્યય વપરાય છે?
   A. સ. B. ક C. વિ D. આશ.
3. ‘પાણી મૂકવું’- રૂઢિપ્રયોગનો અર્થ આપો.
   A. પાણી ન પીવું B. બાધા રાખવી C. નિર્ણય કરવો D. પ્રતિજ્ઞા લેવી
4. વિદ્યુત - સંજ્ઞાનો સમાન અર્થી શબ્દ કયો છે?
   A. દામિની B. તેજ C. કામિની D. પ્રકાશ
5. ‘સાગર કિનારે ચંદ્રોદય’ – એ નિબંધનો વિષય જણાવો.
   A. માહિતીપ્રત B. હળવો C. ગંભીર D. પ્રાકૃતિક- પરિવેશ

6. કોઈ વિષયમાં કેન્દ્રિય ભાવને દર્શાવવા વિવિધ મુદ્દાઓ સાથે દલીલ કરતું ગદ્ય લખાણ કેવું ગણાય.....

A. વર્ણનાત્મક B. વાદાત્મક C. ભાવનાત્મક D. વિવરણાત્મક

7. 'જન્મ ને પછી મરણમાંથી છૂટકારો' શબ્દસમૂહ માટેનો શબ્દ.......

A. આ જન્મ B. સ્વર્ગવાસ C. મુક્તિ D. મોક્ષ

8. 'દરરોજ છાપવામાં આવતું વર્તમાન પત્ર' ....... શબ્દસમૂહનો એક શબ્દ.......

A. મુખપત્ર B. રોજબરોજનું C. દૈનિક D. કાયમી

9. 'કાંકરે- કાંકરે' પાળ બંધાય' – કહેવતનો મુખ્ય અર્થ .......

A. કામ કરવા ધીરજ રાખવી B. થોડું-થોડું કરતાં મોટું કામ પાર પડે.

C. કામમાં બધાનો સાથ હોય D. ભેગા મળવાથી પરિણામ મળે

10. અહેવાલના લખાણ બાબતે કયા શબ્દો વાપરવાનો આગ્રહ રાખી શકાય?

A. ઘરેલું B. દેશી C. શિષ્ટ ગુજરાતી D. તળપદા

# ડૉ. બાબાસાહેબ આબેડકર ઓપન યુનિવર્સીટી

## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016

| | | | |
|---|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 | |
| | | નોંધણી નંબર :_______________ | |
| પાઠ્યક્રમ | :સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો (MGT-5 ) | Numerical Code : 0219 | |
| તારીખ | : 16/01/2016 | સમય | : 03.00 to 06.00 |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે. | કુલ ગુણ : 70 | |

પ્ર.1 આત્મકથાના સ્વરૂપને અનુલક્ષીને 'સત્યના પ્રયોગો' નું મૂલ્યાંકન કરો. (12)

**OR**

'સત્યના પ્રયોગો' આત્મકથામાં ગાંધીજીની નિખાલસવૃત્તિનો પરિચય કરવો.

પ્ર.2 નિબંધ એટલે શું? તેના પ્રકારોને સદ્રષ્ટાંત સમજાવો. (12)

**OR**

પત્રકાર ગાંધીજી વિશે વિસ્તૃત નોંધ લખો.

પ્ર.3 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' પુસ્તકને આધારે ઈતિહાસ લેખક તરીકે ગાંધીજીને મૂલવો. (12)

**OR**

'હિંદરાજ' : ભારતના સુધારાનું દર્શન, ચર્ચો.

પ્ર.4 ગાંધીજીના સાહિત્ય- સર્જનનો પરિચય કરવો. (12)

**OR**

ગાંધીજીના જીવન – ઘડતરના પરિબળો આલેખો.

**પ્ર.5 ટૂંકનોધ લખો. (કોઈપણ બે)** (12)

1. 'હિન્દસ્વરાજ' માં ગાંધીજીના કેળવણી વિષયક વિચારો.
2. 'સત્યના પ્રયોગો' ના શીર્ષકની યથાર્થતા
3. 'ડુંગળીચોર' પ્રકરણનો આસ્વાદ
4. ટૉલ્સટૉય ફાર્મની પ્રવૃત્તિ
5. ગાંધીજીના સ્ત્રી કેળવણી વિશેના વિચારો

**પ્ર.6 બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.** (10)

1. 'સત્યના પ્રયોગો' આત્મકથાની પ્રથમ આવૃત્તિ કયા વર્ષમાં પ્રગટ થઈ?
   A. ઈ.સ.1902 B. ઈ.સ.1869 C. ઈ.સ. 1920 D. ઈ.સ. 1927
2. રસ્કિન અને ટૉલ્સટૉયના કયા વિચારોની ગાંધીજી ઉપર અસર પડેલી?
   A. રાજકીય B. કેળવણી વિષયક C. સમાજ વિષયક D. આર્થિક
3. ગાંધીજીના માટે 'સુધારો' શું છે?
   A. વાણી B. વર્તન C. વિચાર D. કલ્પના
4. 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' એ પુસ્તક કેટલા ખંડમાં વિભક્તિ છે?
   A. બે B. ચાર C. પાંચ D. ત્રણ
5. બોઅર લડાઈ ક્યારે થઈ હતી?
   A. ઈ.સ. 1870 B. ઈ.સ. 1899 C. ઈ.સ. 1885 D. ઈ.સ. 1900
6. ગાંધીજીનો જન્મ કઈ સાલમાં થયો હતો?
   A. ઈ.સ. 1870 B. ઈ.સ. 1868 C. ઈ.સ. 1869 D. ઈ.સ. 1856

7. ઈ.સ. 1888 ની ચોથી સપ્ટેમ્બરે ગાંધીજીએ કયું બંદર છોડ્યું છે?

A. કલકત્તા B. ગોવા C. મુંબઈ D. અલંગ

8. ગાંધીજીએ નાતાલ ઇન્ડિયન કોંગ્રેસની સ્થાપના ________ સાલમાં કરી.

A. ઈ.સ. 1884 B. ઈ.સ. 1894 C. ઈ.સ. 1902 D. ઈ.સ. 1905

9. ગાંધીજીએ કયા સામાયિક દ્વારા પ્રજામાનસને ઘડવાનું કાર્ય શરૂ કર્યું?

A. નવજીવન B. હરિજન બંધુ C. ઈન્ડિયન ઓપીનિયન D. ગુજરાત વિદ્યાપીઠ

10. ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કઈ સાલમાં થઈ?

A. ઈ.સ.1930 B. ઈ.સ. 1935 C. ઈ.સ. 1920 D. ઈ.સ. 1945

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી
## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016

| | | | |
|---|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 | |
| | | નોંધણી નંબર :_______________ | |
| પાઠ્યક્રમ | :સાહિત્ય મીમાંસા (MGT-6 ) | Numerical Code : 0205 | |
| તારીખ | : 17/01/2016 | સમય | : 03.00 to 06.00 |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે | કુલ ગુણ | : 70 |

---

પ્ર.1 'શબ્દ શક્તિ' નો અર્થ આપી શબ્દની અભિધા, લક્ષણો અને વ્યંજનાશક્તિ વિશે વિગતે લખો. (12)

**OR**

મમ્મટે આપેલી કાવ્યની વ્યાખ્યામાં સમાવિષ્ટ કાવ્યનાં ચાર અંગો વિશે વિગતે લખો.

પ્ર.2 કુન્તકની કાવ્યવિષયક વ્યાખ્યા આપી વક્રતાના પ્રકારો સમજાવો. (12)

**OR**

જગન્નાથના રમણીયતા વિચારનું વિશ્લેષણ કરી જગન્નાથે દર્શાવેલા કાવ્યના ચાર પ્રકાર જણાવો.

પ્ર.3 એરિસ્ટોટલે આપેલી ટ્રેજેડી અંગેની વ્યાખ્યા દર્શાવી વિભાવના સ્પષ્ટ કરો. (12)

**OR**

લોન્જાઈનસના સાહિત્યમાં ઉદ્દાત્તતા વિષયક વિચારો અંગે વિસ્તૃત નોંધ લખો.

પ્ર.4 મેથ્યુ આર્નોલ્ડનો કાવ્યવિચાર વિગતે સમજાવો. (12)

**OR**

ક્રોચેના 'અભિવ્યંજનાવાદ'ની વિસ્તૃત ચર્ચા કરો.

પ્ર.5 **(અ) અને (બ) બંને વિભાગમાંથી એક-એક ટૂંકનોંધ લખો.** (12)

(અ) 1. એરીસ્ટોટલની અનુકરણની વિભાવના
2. ઉદાત્તતાને અવરોધક પરિબળો

(બ) 1. કાવ્યનાં પ્રયોજનો
2. પરંપરા અને વૈયક્તિક પ્રતિભા

પ્ર.6 **નીચે આપેલા વિધાનોમાં યોગ્ય જવાબ આપી ખાલીજગ્યા પૂરો.** (10)

1. 'કાવ્યપ્રકાશ' ગ્રંથના રચયિતા _________ છે.
2. રસનિષ્પત્તિ અંગેના લોલ્લટના મતને __________ કહે છે.
3. ભટ્ટ નાયકના રસનિષ્પત્તિ વિષયક મતને ________ કહેવામાં આવે છે.
4. On the Sublimeની વિભાવના __________ એ આપી.
5. કવિતા- જીવનની સમીક્ષા છે તેમ ___________ એ કહ્યું.
6. વસ્તુગત સહસંબંધક વિશેની વિચારણા ___________ પાસેથી મળે છે.
7. પ્લેટોના સમર્થ અનુગામીનું નામ _________ હતું.
8. ક્રોચેની સાહિત્યવિચારણા ___________ નામથી પ્રસિદ્ધ થઈ છે.
9. કવિતાના ત્રણ સૂરનો નિબંધ _________ પાસેથી મળે છે.
10. ગુજરાતી વિવેચનમાં આધુનિક અભિગમની શરૂઆત કરનાર વિવેચકનું નામ ___________ છે.

# ડૉ. બાબાસાહેબ આબેડકર ઓપન યુનિવર્સીટી
## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016

| | | | |
|---|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 | |
| | | નોંધણી નંબર :_______________ | |
| પાઠ્યક્રમ | :ગુજરાતી ગદ્યના સીમા ચિહ્નો (MGT-7) | Numerical Code : 0220 | |
| તારીખ | : 18/01/2016 | સમય | : 03.00 to 06.00 |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે | કુલ ગુણ : 70 | |

પ્ર.1 શ્રી સુરેશ જોષીના નિબંધસંગ્રહ 'જનાન્તિકે' નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. (12)

**OR**

નીચેનામાંથી કોઈપણ બે નિબંધોની સમીક્ષા કરો.

(1) તડકો (2) શૈશવને સીમાડે (3) ટાગોર વેડા (4) અન્ય કવિ

પ્ર.2 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-1 ની વાર્તાઓનું રસલક્ષી મૂલ્યાંકન કરો. (12)

**OR**

નીચેનામાંથી કોઈપણ બે વાર્તાઓની સમીક્ષા કરો.

(1) જટો હલકારો (2) ગરાસણી (3) બોળો (4) ચાંપરાજ વાતો

પ્ર.3 'મારી હકીકત'ને આધારે વ્યક્ત થતું નર્મદનું વ્યક્તિત્વ તમારા શબ્દોમાં આલેખો. (12)

**OR**

ગુજરાતી આત્મકથા સાહિત્યમાં 'મારી હકીકત' ને એક આત્મકથા તરીકે મૂલવો.

પ્ર.4 'કાવ્યની શક્તિ' વિવેચનગ્રંથમાં આલેખાયેલ 'પ્રેમાનંદનો હાસ્યરસ' પ્રકરણની સમીક્ષા કરો. (12)

**OR**

'કાવ્યની શક્તિ' વિવેચનગ્રંથને આધારે રા.વિ. પાઠકને એક વિવેચક તરીકે મૂલવો.

પ્ર.5 'રાઈનો પર્વત' નું એક નાટ્યકૃતિ તરીકે મૂલ્યાંકન કરો. (12)

**OR**

'રાઈનો પર્વત'માંથી પ્રગટ થતું રાઈનું વ્યક્તિત્વ તમારા શબ્દોમાં આલેખો.

પ્ર.6 **બહુવૈકલ્પિક પ્રશ્નોના ઉત્તરો આપો.** (10)

1. 'રાઈનો પર્વત' કૃતિના સંપાદક કોણ છે.
   A. પ્રસાદ બ્રહ્મભટ્ટ B. ચીનુ મોદી C. સતીષ વ્યાસ D. ઉશનસ
2. રત્નદીપદેવ કયા રાજ્યના રાજા હતા.
   A. મણીપુર B. કનકપુર C. રાજપુર D. અલીપુર
3. 'જયા- જયન્ત' કૃતિના કર્તાનું નામ જણાવો.
   A. દલપતરામ B. નરસિંહરાવ C. પ્રેમાનંદ D. ન્હાનાલાલ
4. 'સુદામાચરિત્ર' કૃતિ કોની છે.
   A. નરસિંહ B. મીરાં C. દયારામ D. પ્રેમાનંદ
5. 'મારી હકીકત' નર્મદે ક્યારે લખી હતી?
   A. 1866 B. 1865 C. 1864 D. 1867
6. નર્મદનો જન્મ કયા શહેરમાં થયો હતો.
   A. મુંબઈ B. ભરૂચ C. વડોદરા D. સુરત

7. મોગરા અને શિરીષની અત્યુક્તિ કઈ ઋતુમાં લેખકને સંભળાયા કરે છે?

A. ગ્રીષ્મ B. વસંત C. શિયાળો D. ચોમાસું

8. જટો હલકારો ક્યાંનો વતની હતો.

A. રામધઠી B. આંબલા C. સણોસરા D. રાજપરા

9. સંભલવાળો કોને ધર્મની બેન બનાવે છે.

A. સાંઈ જોગણી B. સાંઇ નેહડી C. સાંઈ આવળ D. સાંઈમા

10. કવિ સુરેશ જોષીને કયા સૌજન્યનો ચળકાટ નથી સહેવાતો

A. સિલ્વર પ્લેટેટ B. ક્રોમિયમ પ્લેટેડ C. ગોલ્ડન પ્લેટેડીયા D. હીરાજડિત

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી

## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016

| | | | |
|---|---|---|---|
| અભ્યાક્રમ | : અનુસ્નાતક પદવી અભ્યાક્રમ (M.A.) | Numerical Code : 0036 | |
| | | નોંધણી નંબર :_______________ | |
| પાઠ્યક્રમ | અનુવાદ (અંગ્રેજી અને હિન્દિમાથી) (MGT-8) | Numerical Code : 0221 | |
| તારીખ | : 19/01/2016 | સમય | : 03.00 to 06.00 |
| સૂચના | : દરેક પ્રશ્નો ફરજીયાત છે | કુલ ગુણ | : 70 |

---

પ્ર.1 ભાષાઓના ઉદભવ અને વિકાસ ચર્ચો. (12)

**OR**

તમારા મત મુજબ અનુવાદના ક્ષેત્ર વિશે વિસ્તૃત નોંધ લખો.

પ્ર.2 અનુવાદમાં માતૃભાષાનો પ્રભાવ ઉદાહરણ સહિત સમજાવો. (12)

**OR**

અનુવાદની વ્યાખ્યા આપી તેનું સ્વરૂપ સ્પષ્ટ કરો.

પ્ર.3 અનુવાદના સહાયક સાધનો વિશે વિસ્તારથી લખો. (12)

**OR**

કાવ્યનો અનુવાદ કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ, સદ્રષ્ટાંત સમજાવો.

પ્ર.4 'અનુવાદની પ્રક્રિયા વૈજ્ઞાનિક છે'- વિધાન સમજાવો. (12)

**OR**

અનુવાદમાં અર્થવિચારનું પાશ્ચાત્ય ચિંતન અને ભારતીય ચિંતન વર્ણવો.

પ્ર.5 **ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** (12)

1. રૂઢિપ્રયોગના અનુવાદની પ્રક્રિયા
2. આદર્શ અનુવાદકના લક્ષણો
3. અનુવાદકની મર્યાદા
4. અનુવાદ કલાનું મહત્વ

પ્ર.6 **નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.** (10)

1. અનુવાદના માધ્યમ આધારિત __________ પ્રકાર છે.
2. અનુવાદનો શબ્દાર્થ છે __________.
3. નીડાએ અર્થના _________ પ્રકાર બતાવ્યા છે.
4. કાવ્યમાં શબ્દોના કેવળ વાચ્યાર્થથી કામ ન ચાલે તેમાં લક્ષણો અને ________ નો પ્રયોગ કરવામાં આવે છે.
5. છંદ શબ્દ સંસ્કૃતમાં _________ ધાતુમાંથી ઉત્પન્ન થયેલ મનાય છે.
6. નાટકમાં કયા બે મુખ્ય તત્વ છે?
7. To kill two birds with one stone – અંગ્રેજી રૂઢિપ્રયોગનો ગુજરાતીમાં અનુવાદ કરો.
8. An empty pot makes much noise - અંગ્રેજી રૂઢિપ્રયોગનો ગુજરાતીમાં અનુવાદ કરો.
9. તે રજનું ગજ કરે છે. – રૂઢિપ્રયોગનો અંગ્રેજીમાં અનુવાદ કરો.
10. દૂરથી ડુંગર રળિયામણા – આ કહેવતનો હિન્દીમાં અનુવાદ કરો.

---